રજુ તારીખ : ૦૧–૦૨–૨૦૨૨
રજી. તારીખ : ૦૧–૦૨–૨૦૨૨
નિકાલ તારીખ : ૨૧–૧૦–૨૦૨૪
સમય અવધિ : <u>વર્ષ માસ દિવસ</u>

**<u>અમદાવાદનાં ૪૧મા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ, અમદાવાદ</u>**

ફોજદારી કેસ નં.૯૭૯૪/૨૦૨૨
આંક–૧૦.

**ફરીયાદી:–** શ્રી સરકાર

(સિધ્ધાર્થ જીતેંદ્રભાઇ ઠાકોર, ઉવ.પુખ્ત)

**વિરુધ્ધ**

**આરોપી:–** ૧. નારાયણભાઇ ગોવિંદભાઇ ભરવાડ, ઉવ.પુખ્ત.

રહે: ભરવાડ વાસ, સિંધવાઇ ગામ, રામોલ રોડ, સીટીએમ, અમદાવાદ શહેર.

**ગુન્હો :– ધી. ઇ. પી. કોડ કલમ: ૪૦૬, ૪૨૦,૫૦૬(૨) મુજબ.**

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. પરેશભાઇ નાંદોલીયા
આરોપી તરફે વિ.વ.શ્રી. એમ.ઓ.ગોસ્વામી.

---

**<u>–:ચુકાદો:–</u>**

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૬/૦૮/૨૦૨૦ થી તા.૨૭/૧૨/૨૦૨૧ સુધીમા ફરીયાદી પાસેથી જી.એલ.એસ કોલેજમા જી.એલ.એસ આઇ.સી મા એડમીશન કરાવી આપવાના

બહાને કુલે રુપીયા ૯૦,૦૦૦/- લઇ ફરીયાદીને કોઇ એડમીશન ન કરાવી આપી તેમજ ફરીયાદીની રકમ પણ પરત નહી આપી, અને રકમ માંગતા જાનથી મારી નાખવાની ધમકીઓ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ, આ બનાવ અંગેની જાહેરાત પોલીસ સ્ટેશનમાં કરવામાં આવતા ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુના રજીસ્ટર. નં.૧૧૧૯૧૦૧૭૨૧૧૫૩૬/૨૦૨૧ થી ગુનો દાખલ થયેલ.

૨) તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ પુર્ણ કરી, તહોમતદાર વિરુધ્ધ ઇ.પી.કોડ કલમ: ૪૦૬, ૪૨૦, ૫૦૬(૨) મુજબનો ગુન્હો આચર્યા સબંધેનુ ચાર્જશીટ દાખલ કરેલ, જે ચાર્જશીટ ફોજદારી કેસ નં. ૯૭૯૪/૨૦૨૨ થી અદાલતના રજીસ્ટરે દાખલ થયેલ છે. સદર કેસની આગળની ઇન્સાફી કાર્યવાહી ચલાવાવ માટે આ અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

૩) ત્યારબાદ, આ કામના તહોમતદારને પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવતા તહોમતદાર તેમના વિ.વ.શ્રી સાથે અદાલત સમક્ષ ઉપસ્થીત થયેલ અને તહોમતદારને સી.આર.પી.સી.ની કલમ: ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો સુપ્રત કર્યાની ખાત્રી કરવામાં આવેલ છે. ત્યારબાદ, આ કામના તહોમતદાર સામે આંક-૩ મુજબ તહોમતનામુ ફરમાવી, આંક-૪ નિવેદન નોંધવામા આવેલ છે, જે નિવેદનમા તહોમતદારે તેમની વિરુધ્ધના તહોમતનો ઇન્કાર કરેલ છે.

૪) ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના સાહેદોનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૦૭ | ફરીયાદી સિધ્ધાર્થ જીતેંદ્રભાઇ ઠાકોર ની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત. |
|---|---|---|
| (૧) | ૦૮ | ફરીયાદીની ફરીયાદ. |

૫) આ કામે મહત્વના સાહેદ તપાસાઇ ગયેલ છે અને પુરાવા અધિનિયમની કલમ: ૧૩૪ મુજબ કોઇ હકીકતની સાબીતી માટે સાક્ષીઓની અમુક જ સંખ્યા કોઇ કેસ મા આવશ્યક ગણાશે નહી જે અન્વયે ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા અંગે પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ, ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપીનુ ક્રિમી. પ્રો–સી. કોડની કલમ:૩૧૩ અન્વયે વિશેષમા નિવેદન નોંધવામા આવેલ છે. જેમા આ કામના આરોપીએ તેમની સામેના તહોમતનામા મુજબના આક્ષેપોનો ઇન્કાર કરેલ છે. ત્યારબાદ, બંને પક્ષકારોના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

૬) આ ફોજદારી કેસને નિર્ણિત કરવા માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદા

ઉપસ્થિત થાય છે :–

## <u>–: મુદા :–</u>

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરી શકેલ છે કે, આ કામના આરોપીએ બનાવ તારીખે, સમયે અને સ્થળે આ કામના ફરીયાદી સાહેદ પાસેથી જી.એલ.એસ કોલેજમા જી.એલ.એસ આઇ.સી મા એડમીશન કરાવી આપવાના બહાને કુલે રુપીયા ૯૦,૦૦૦/– લઇ ફરીયાદીને કોઇ એડમીશન ન કરાવી આપી તેમજ ફરીયાદીની રકમ પણ પરત નહી આપી, અને રકમ માંગતા જાનથી મારી નાખવાની ધમકીઓ આપી વિશ્વાસધાત અને છેતરપીંડી કરી, ઇ.પી.કોડ કલમ: ૪૦૬, ૪૨૦, ૫૦૬(૨) મુજબનો ગુનો આચરેલ છે?

૨. શું હુ ક મ ?

૭) **ઉપરોકત મુદા અન્વયેના તારણો નીચે મુજબ છે:–**

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

## <u>–– ન્યાય નિર્ણય માટેનાં કારણો ––</u>

## <u>મુદ્દા નં.૧</u>

૮) ભારતીય પુરાવા અધિનીયમની કલમ:૧૦૧ મુજબ ફોજદારી કેસમાં આરોપી સામે આક્ષેપિત ગુનાનું તહોમત વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો પ્રાથમીક બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે. ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નીર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરુરી છે કે, ફરીયાદપક્ષે કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે.

૯) ઉપરોકત સિધ્ધાંતને લક્ષ્ય પર રાખી હાથ પરના કિસ્સામા રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષ ધ્વારા ફરીયાદી સિધ્ધાર્થ જીતેંદ્ર-ભાઇ ઠાકોર તેમની આંક-૭ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૧૬/૦૮/૨૦૨૦ ના રોજ નારાયણ ભરવાડ નામનો વ્યકિત તેમને વીર નર્મદ ગુ. યુ ખાતે મળેલ અને તેમનુ એડમીશન જી.એલ.એસ કોલેજ ખાતે કરાવી આપશે તેમ જણાવેલ અને એડમીશન કરાવી આપવાના રુપીયા ૯૦,૦૦૦/- આપવા પડશે તે કોલેજમા ખુબ મોટા હોદ્દા પર છે અને તેમની સારી ઓળખાણ છે તેમ જણાવેલ જેથી તેઓએ વિશ્વાસ રાખી રુપીયા ૬૫,૦૦૦/- અને બીજા રુપીયા ૧૫,૦૦૦/- મોકલી આપેલ, તેમજ બાકી રહેતા રુપીયા ૧૦,૦૦૦/- મળી કુલ્લે રુપીયા ૯૦,૦૦૦/- મોકલી આપેલ ત્યારબાદ, એડમીશનની તમામ પ્રકીયા પૂર્ણ થઇ ગયા બાદ પણ તેઓને અડમીશન ન મળતા તેઓએ પૈસા પરત માંગતા તેણે આપવાની ના પાડતા તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી અને તકરાર થયેલી,અને તેઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરેલ હોય, જેથી આ બનાવ અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કરેલી. તે ફરીયાદની ખરી નકલ તેમને બતાવતા તેઓ તેમા તેમની સહી ઓળખી બતાવે છે, જે ફરીયાદની નકલ આંક-૮ થી રજુ છે. ત્યારબાદ, વધુમા ફરીયાદી સાહેદે જણાવેલ છે કે તેઓને આરોપી સાથે સમાધાન થઇ ગયેલ છે, અને તેઓને તેમના પૈસા પરત મળી ગયેલ છે. આમ, સદરહુ ફરીયાદી સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે તેવી જુબાની આપતા ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ છે અને ત્યારબાદ, બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા સ્વીકારેલ છે કે, તેઓને

આ કામે સમાધાન થઇ ગયેલ છે, સદરહું કેસ તેઓ આગળ ચલાવવા માગતા નથી. અને તેઓને તેમની રકમ પરત મળી ગયેલ છે. અને આરોપીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

૧૦) આ કામે રજુ કરવામા આવેલ ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને જણાવેલ છે કે, તેઓને આ કામે સમાધાન થઇ ગયેલ છે, તેઓને તેમની રકમ પરત મળી ગયેલ છે. અને આરોપીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ ફરીયાદી સાહેદ ફરીયાદપક્ષના મહત્વના સાહેદ છે કારણ કે, આ ફરીયાદી સાહેદ જાતે ભોગ બનનાર સાહેદ છે અને મહત્વના સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને જેથી ફરીયાદપક્ષના કેસનુ વજુદ જ ટકી શકતુ નથી. તેમજ ફરીયાદપક્ષ ધ્વારા આંક-૮ થી ફરીયાદ રજુ કરવામા આવેલ છે. પરંતુ, જયારે ફરીયાદીએ જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેવા સંજોગોમા ફરીયાદ ની હકીકત પુરવાર થઇ શકતી નથી. આમ, રજુ થયેલ ફરીયાદ આંક-૮ થી ફરીયાદપક્ષને તહોમતદાર વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવામાં કોઇ મદદ મળી શકતી નથી.

૧૧) ત્યારબાદ, આ કામના પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય તેઓને હવે સદરહુ કેસ આગળ ચલાવવો નથી તે અંગે પુરસીસ રજુ કરેલ છે. તેમજ આ કામના ફરીયાદી સાહેદે તેમના પુરાવામા આ કામના આરોપી સાથે સમાધાન થઇ ગયેલ હોય, સદરહુ કેસ આગળ ચલાવવા માગતા નથી. જે રજુ પુરાવા ધ્યાને લેતા આ કામે રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજોથી તહોમતદારની વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવામા કોઇ જ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

૧૨) આમ, ફરીયાદી અને સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ આંક-૯ થી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાની જાહેરાત કરેલ છે અને તે રીતે અદાલતના રેકર્ડ પર જે પુરાવો આપેલ છે તેનાથી ફરીયાદપક્ષ તહોમતદાર વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા

નં.૧ નો જવાબ નકારાત્મક ઠરાવવામા આવે છે અને મુદા નં.૨ નો જવાબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**– હુ ક મ –**

૧. આ કામનાં આરોપી નં.૧. નારાયણભાઇ ગોવિંદભાઇ ભરવાડ,ઉવ. પુખ્ત.નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૨૪૮(૧) અન્વયે ઇ. પી. કોડ કલમ: ૪૦૬, ૪૨૦, ૫૦૬(૨) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. વધુમા તહોમતદારે સી. આર. પી.સી. કલમ : ૪૩૭(એ) મુજબ આદેશ કરવામા આવે છે કે, આ કામના તહોમતદારે અપીલ અદાલતમા હાજર રહેવા માટે છ માસના સમય મર્યાદાના રુ.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના સધ્ધર સ્થાનિક જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમા લખી આપવા.

સદરહું હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧–૧૦–૨૦૨૪.
અમદાવાદ.

**(ડો. રાકેશ પરિયાની)**
૪૧મા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર
કોડ: જીજે–૦૧૨૫૨.